Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



**Shree Atmanand Prakash**

**श्री आत्मानंद प्रकाश**

पाथेयं खलु सद्वृतं परलोकहितावहम् ।
इहलोकसुखायापि परमावश्यकं च तत् ।।

પરલોક માટેનું ભાતું ખરેખર સદ્વર્તન છે,
જે અહીંના સુખ માટે અત્યંત જરૂરી છે

The viaticum beneficial to the next world, is good conduct which is, indeed, highly necessary to be happy even in this life.


પુસ્તક : ૯૨ 卐 અંક : ૩-૪

પોશ-મહા 卐 જાન્યુ.-ફેબ્રુ.-૯૫

આત્મ સંવત : ૯૯
વીર સંવત : ૨૫૨૧
વિક્રમ સંવત : ૨૦૫૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી શંખેશ્વરના સ્વામી (સ્તવન) | — | ૯ |
| (૨) | જૈન દર્શન | — | ૧૦ |
| (૩) | શંકા અતિચાર વિષે વર્ણન અને તેના ઉપર ધનદેવનું બીજું કથાનક | — | ૧૩ |
| (૪) | સમાચાર | — | ૧૮ |
| (૫) | હિન્દી વિભાગ | | |


## સભાના નવા આજીવન સભ્યશ્રીની યાદી

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ચન્દ્રકાન્ત કાન્તિલાલ શાહ | ભાવનગર |
| ૨ | શ્રી ભૂપતરાય કાન્તિલાલ શાહ | ભાવનગર |
| ૩ | શ્રી હેમલબેન જયેશકુમાર પારેખ | મુંબઇ |
| ૪ | શ્રી અમીબેન (સોનલબેન) પરેશકુમાર દોશી | મુંબઇ |
| ૫ | શ્રી દેવેન્દ્રભાઈ રતીલાલ વોરા | મુંબઇ |
| ૬ | શ્રીમતિ હંસાબેન મફતલાલ શાહ | ભાવનગર |
| ૭ | શ્રીમતિ મંજુલાબેન અમુલખરાય શાહ | ભાવનગર |

## યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૫૧ના પોષ શુદ ૨ ને મંગળવાર તા. ૩-૧-૯૫ના રોજ રાત્રીના ૧૨-૩૯ કલાકે લકઝરી બસ મારફત સભાના સભ્યશ્રી ભાઇઓ તથા બ્હેનોનો આ યાત્રા પ્રવાસ યોજેલ હતો અને દરેક સ્થળે પુજા સેવા તથા દર્શનનો લાભ ખુબ આનંદ ઉલ્લાસ સાથે લીધો હતો.


**યાત્રા સ્થળો :** પાવાગઢ, નંદીગ્રામ, વાપી, દમણ, ઉદવાડા બગવાડા, વલસાડ, તીથલ, નવસારી તપોવન, સુરત, કામરેજ ચાર રસ્તા, મગદલ્લા (નવા નાગેશ્વર), ડુમ્મસ, અમરોલી, વડોદરા, ભરૂચ, માતર, જગડીયાજી થઈ પરત ભાવનગર આવેલ હતા.

આ યાત્રા પ્રવાસના નીચેના દાતાશ્રીની વ્યાજની રકમમાંથી સવાર, બપોર, સાંજ ચા-પાણી, જમણુ આપવામાં આવેલ.

૧ શેઠશ્રી રમણીકલાલ જેઠાલાલ જસાણી ઉમરાળાવાળા, ૨. શેઠશ્રી જયંતિલાલ રતીલાલ સલોત. ૩. શેઠશ્રી કાન્તિલાલ હેમચંદભાઈ વાંકાણી, ૪. શેઠશ્રી પોપટલાલ રવજીભાઇ ૫. શેઠશ્રી શાંન્તિલાલ લાલચંદ હારીજવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી આત્માનંદ પ્રકાશ

[redacted] : શ્રી હિંમતલાલ અનોપચંદ-મોતીવાળા

## 卐 શ્રી શંખેશ્વરના સ્વામી 卐

હે શંખેશ્વર સ્વામી. પ્રભુ જગ અંતરયામી;
તમને વંદન કરીએ, શિવસુખના સ્વામી.
હે શંખેશ્વર સ્વામી....

મારો નિશ્ચય એક સ્વામી, બનુ તમારો દાસ;
તારા નામે ચાલે, મારા શ્વાસોશ્વાસ.
હે શંખેશ્વર સ્વામી....

દુઃખ સંકટને કાપો સ્વામી, વાંછીતને આપો;
પાપ હમારા હરજો, શિવસુખને દેજો.
હે શંખેશ્વર સ્વામી....

નીશદિન હું માગું છું સ્વામી, તુમ શરણે રહેવા;
ધ્યાન તમારૂં ધ્યાવું, સ્વીકારજો સેવા.
હે શંખેશ્વર સ્વામી....

રાત દિવસ ઝંખુ છું સ્વામી, તમને મળવાને;
આતમ અનુભવ માંગુ, ભવ દુઃખ ટળવાને.
હે શંખેશ્વર સ્વામી....

કરૂણાના છો સાગર સ્વામી, કૃપા તણા ભંડાર;
ત્રિભુવનના છો નાયક, જગના તારણહાર.
હે શંખેશ્વર સ્વામી....

For Private And Personal Use Only

# જૈનદર્શન

### જૈનદર્શનની શરૂઆત કયારથી થઇ?

આવું વિશાલદૃષ્ટિ જૈનદર્શન કયારે ઉત્પન્ન થયું? એ બાબતમાં આજે બહુ ચર્ચાઓ ચાલ્યા કરે છે. કોઈ કહેશે કે–મહાવીર પ્રભુથી જૈનધર્મની શરૂઆત થઇ, કોઈ ભગવાન પાર્શ્વ-નાથથી શરૂ થયાનું જણાવશે, તો કોઇ શ્રી આદીશ્વર ભગવંતથી એ ધર્મનો પ્રારંભ થયાનું બોલશે. પરંતુ આ વાત એકંદર યથાર્થ રીતે જુદી છે.

મૂળ વાત તો એ છે કે–આ સંસાર કે જેને જગત્, વિશ્વ બ્રહ્માંડ વગેરે જુદા જુદા નામોથી બોલાય છે તે જગત્ અનાદિ છે. જગત્ કેવી રીતે અનાદિ છે? જગતનો કોઇ કર્તા હોઇ શકે કે નહિં? વિગેરે વિષયો પણ વિચારવા જેવા જ છે, પણ તે બાબતો આગળ રાખીને આજે તો આ ચાલુ વિષયને જ જરા પુષ્ટ કરવાની જરૂર છે. જેમ જગત અનાદિ છે તેમ મોક્ષ પણ અનાદિ છે. 'અમુક સમયે અમુક જીવ સર્વથી પહેલો સકલ કર્મનો ક્ષય કરી મોક્ષે ગયો' એવું આપણું મન્તવ્ય નથી. એમ માનવા જઇએ તો તે અગાઉ મોક્ષના દ્વાર બંધ માનવા પડશે અને એ માન્યતા શાસ્ત્ર તેમજ યુક્તિ બન્ને રીતે વિરુદ્ધ છે. વસ્તુ એ નક્કી થઇ કે–સંસાર જેમ અનાદિ છે તેમ મોક્ષ પણ અનાદિ છે. મોક્ષની પ્રાપ્તિ શુદ્ધ ધર્મની આરાધના સિવાય સંભવી શકતી જ નથી. એટલે મોક્ષની માફક મોક્ષપ્રાપ્તિમાં કારણભૂત શુદ્ધ ધર્મ એ પણ અનાદિ છે, એમ નક્કી થયું. જે શુદ્ધ ધર્મની આરાધનાથી મોક્ષ પ્રાપ્ત થાય એ જ આપણો જૈનધર્મ, એજ આપણું જૈનદર્શન એથી એ જૈનદર્શન પણ અનાદિ છે, એ સાબિત થયું.

### જૈનધર્મનું અનાદિપણું તેમજ જૈનધર્મનો ઉદય અને અસ્ત

એ જૈનધર્મ મહાવિદેહ* ક્ષેત્રમાં સદાકાળ અવિરહપણે હોય છે. જ્યારે ભરત તથા ઐરાવત ક્ષેત્રમાં અમુક કાળે એ ધર્મ પ્રગટ થાય છે, અમુક કાળે વિનાશ પામે છે. જેમ કે વર્તમાન અવસર્પિણી+ કાળમાં થયેલા ચોવીશ તીર્થંકરો પૈકી પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવંતની હયાતી પહેલાં આ ભરતક્ષેત્રમાં અઢાર કોડાકોડી સાગરોપમ જેટલો કાળ જૈનધર્મનો અભાવ હતો પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવંતને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા બાદ તેમનાથી જૈનધર્મનો પ્રારંભ થયો અર્થાત્ ધર્મતીર્થની સ્થાપના થઇ. વચ્ચે વચ્ચે તેમાં શૈથિલ્ય આવતાં તે તે સમયે થયેલા બીજા ત્રેવીશ તીર્થંકરોએ પુનઃ એ ધર્મતીર્થને સ્થિર કર્યું. એમ છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુએ પણ એજ પ્રણાલિકા મુજબ ધર્મતીર્થની

---

* જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અર્ધ પુષ્કરદ્વીપ એમ અઢી દ્વીપ એ મનુષ્ય લોકનું સ્થાન છે. આ મનુષ્ય લોકમાં ૫ ભરત, ૫ ઐરાવત, ૫ મહાવિદેહ એમ ૧૫ કર્મભૂમિના ક્ષેત્રો છે. તે પૈકી મહાવિદેહ ક્ષેત્રમાં હંમેશા ચોથા આરાના ભાવ છે, ત્યાં કાયમ તીર્થંકર હોય છે અને મોક્ષની પ્રાપ્તિ તે ક્ષેત્રમાં કાયમ ચાલુ હોય છે,

+ અવસર્પિણી એટલે જે કાળે બુદ્ધિબળ, આયુષ્ય, ધાન્યના રસકસ વગેરેનો ક્રમે ક્રમે ઘટાડો થાય તે કાળનું નામ અવસર્પિણી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાપના કરી, અઢી હજાર વર્ષો પસાર થવા છતાં આજે પણ એ ધર્મ વિદ્યમાન છે. હજી બીજા સાડાઅઢાર હજાર વર્ષો સુધી પણ ભવિષ્યમાં એ જૈન ધર્મતીર્થ આ ભરતક્ષેત્રમાં અવશ્ય જીવંત રહેવાનું છે. ત્યારબાદ જૈનધર્મનો પુનઃ સર્વથા અમુક સમય માટે આ ભરતક્ષેત્રમાં અભાવ થશે. વળી આવતી ઉત્સર્પિણીના પ્રથમ તીર્થંકર એ ધર્મની સ્થાપના કરશે. આ બધાય વિવેચનનો સાર એ છે કે **પ્રવાહ-પરંપરાની દૃષ્ટિએ જૈન-ધર્મ અનાદિ** છે અને આત્માને અખંડ સુખનો ભોક્તા બનાવવા માટે એ વિશુદ્ધ ધર્મનું આલંબન એ જ એક અસાધારણ કારણ છે

## શ્રુતધર્મ અને ચારિત્રધર્મરૂપે જૈનદર્શનના બે વિભાગો

જે જૈનધર્મ પરંપરાની અપેક્ષાએ શ્રી આદીશ્વર ભગવંતના સમયથી પણ પહેલાંનો અર્થાત્ અનાદિ છે, અને આત્માને મોક્ષપ્રાપ્તિમાં જે પરમ આલંબનભૂત છે, એ જૈનધર્મ કિંવા જૈનદર્શન બે વિભાગોમાં વ્હેંચાયેલ છે. એક વિભાગનું નામ શ્રુતધર્મ અને બીજા વિભાગનું નામ ચારિત્રધર્મ. જીવ, અજીવ, પુન્ય, પાપ આદિ ભાવોનું જેનાથી વાસ્તવિક જાણપણું થાય; ષડ્ દ્રવ્યો, તેના ભિન્ન ભિન્ન ગુણો અને દરેક દ્રવ્યના પર્યાયો વગેરે ભાવોનો જેનાથી સાચી રીતે ખ્યાલ થાય તેનું નામ '**શ્રુતધર્મ**' છે. આચારાંગ સૂત્રાદિ દ્વાદશાંગી, અગિયાર ઉપાંગ, પયન્ના, મૂળસૂત્ર, છેદસૂત્રો તેમજ સમ્યક્‌શ્રુત તરીકે ગણી શકાય તેવા સર્વ પ્રકરણાદિ ગ્રન્થોનો એ શ્રુતધર્મના સાધનમાં સમાવેશ થાય છે જીવ અજીવ, પુન્ય, પાપાદિ ભાવોને જાણ્યા બાદ તે ભાવો પૈકી 'હેય' ભાવો ઉપર હેય તરીકેની અને 'ઉપાદેય' ભાવોમાં ઉપાદેય તરીકેની શ્રદ્ધા થવા સાથે આત્માનું અહિત કરનાર પાપ, આશ્રવાદિ હેય ભાવોનો ત્યાગ કરવા અને આત્માનું જેનાથી હિત થાય તેવા પુન્ય, સંવરાદિ ભાવોનો આદર કરવામાં પુરુષાર્થ ફોરવવો તેનું નામ '**ચારિત્ર ધર્મ**' છે. આપણી વ્યવહારુ પ્રવૃત્તિઓમાં પણ જ્યારે કોઇ કાર્ય કરવાની ભાવના થાય છે ત્યારે સામાન્ય રીતે પ્રથમ તે કાર્ય અંગેનું જાણપણું મેળવાય છે અને પછી તે કાર્ય કરવાની પ્રવૃત્તિ થાય છે વડોદરાથી અમદાવાદ જવું હોય તો પ્રથમ વડોદરાથી અમદાવાદના માર્ગનું જાણપણું હોવું જરૂરી મનાય છે અને ત્યારબાદ અમદાવાદ જવાના માર્ગ સિવાય બીજા માર્ગોનો ત્યાગ કરી અમદાવાદ જવાના માર્ગનો આશ્રય લેવામાં આવે છે. તેજ પ્રમાણે સંસારના અનાદિ બંધનમાંથી આત્માને મુક્ત કરી મોક્ષપુરીમાં પહોંચાડવા માટે પ્રથમ આત્મસ્વરૂપનું જાણપણું, ત્યારબાદ બંધનભાવ થવાના તેમજ તે બંધનભાવ અટકાવવાના હેતુ-ઓનું પરિજ્ઞાન થવાની ખાસ જરૂર હોય છે, અને એ જાણપણું થયા બાદ શ્રદ્ધાપૂર્વક બંધનભાવ અટકે તેવી પ્રવૃત્તિમાં આત્માને જોડવો પડે છે અને તોજ ક્રમે ક્રમે મોક્ષપર્યાય આત્મામાં પ્રગટ થાય છે.

તાત્પર્ય એ થયું કે-આત્માને કર્મજંજીરમાંથી મુક્ત કરવા માટે સર્વથી પ્રથમ પોતાના સ્વરૂપનું ભાન થવાની જરૂર છે. જીવ, અજીવાદિ તત્ત્વોનો બોધ એ આત્મોન્નતિનું પ્રથમ પગથિયું છે. જેનાથી એ તત્ત્વભૂત પદાર્થોનો અવબોધ થાય તે જ આપણો શ્રુતધર્મ છે. જે મંગળમય ભગવતી સૂત્રનો આજે આપણે પ્રારંભ કરીએ છીએ તે પણ આત્માને તત્ત્વભૂત પદાર્થોનો બોધ કરાવનાર શ્રુતધર્મના સાધનમાં ગણાતા બાર અંગો (દ્વાદશાંગી) પૈકી પાંચમું મહાન અંગસૂત્ર છે.

## પ્રત્યેક તીર્થંકરના શાસનકાળમાં શ્રુતધર્મરૂપે દ્વાદશાંગીની પ્રધાનતા

આ દ્વાદશાંગીની રચના કેવી રીતે કયારે થાય છે? એ આપણે ટૂંકમાં જો જાણીશું તો તે બાબતના જાણપણા સાથે શ્રી ભગવતી સૂત્રની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રચનાના વિષયમાં જે આપણે જાણવું છે તે પણ જાણવાનું બની આવશે. દ્વાદશાંગીમાં આવતા સમગ્ર ભાવોનું ધર્મદેશનાદ્વારા અર્થરૂપે નિરૂપણ કરનારા મૂલ પુરુષો જો કોઈ પણ હોય તો તે તીર્થંકર ભગવંતો જ છે. જ્યારે જ્યારે કોઇ પણ ધર્મતીર્થ પ્રવર્તમાન હોય છે, ત્યારે ત્યારે સંપૂર્ણ દ્વાદશાંગી અથવા તેમાંનો અમુક અંગો· પાંગરૂપી શ્રુતધર્મ અવશ્ય વિદ્યમાન હોય છે. શ્રી આદીશ્વર ભગવંતના શાસનમાં આદીશ્વર ભગવાનની ઉપદેશેલી અને તેમના ગણધરોએ સૂત્રરૂપે સંકલિત કરેલી દ્વાદશાંગી વિદ્યમાન હતી. શ્રી શાંતિનાથ ભગવંતના શાસનમાં શ્રી શાંતિનાથ પ્રભુએ ઉપદેશેલી અને તેમના ગણધરોએ સૂત્રરૂપે રચેલી દ્વાદશાંગી હતી. શ્રી નેમનાથ, શ્રી પાર્શ્વનાથ વિગેરે સર્વ તીર્થંકરોના શાસનમાં પણ એ જ વ્યવસ્થા સમજવાની છે. આજે પ્રભુ શ્રી મહાવીરદેવના શાસનમાં જે દ્વાદશાંગીનાં નામો વર્તે છે તે શ્રી મહાવીરસ્વામીએ અર્થરૂપે ઉપદેશેલી તથા ભગવાન સુધર્માસ્વામિજીએ સૂત્રરૂપે સંકલિત કરેલી છે અને તે દ્વાદશાંગી પૈકી આચારાંગાદિ અગિયાર અંગો હાલમાં વિદ્યમાન છે.

卐

## ધર્મ અને જીવન

ધર્મ એટલે તહેવાર કે પર્વ નથી. પર્વમાં મિત્રવર્તુળ સાથે બેસી મીઠાઈ ખાઇએ છીએ તેવું ધર્મમાં નથી.

ધર્મ એટલે તો ત્યાગ....

ધર્મ તો સારાયે જીવનમાં કામ આવે તેવી ચીજ છે.


અધર્મ આ આત્માને સંસારમાં રખડાવે છે.

તેમાંથી બચવા ધર્મની સહાય લઇ

આપણું આ જીવન સાર્થક કરી શકાય છે.

આત્માની સુષુપ્તતા એટલે અધર્મ....

આત્માની જાગૃતિ એટલે ધર્મ....



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શંકા અતિચાર વિષે વર્ણન અને તેના ઉપર ધનદેવનું બીજું કથાનક

સમકિત મેળવ્યા પછી પણ તેમાં અશુદ્ધિઓ રહી ગઈ હોય તો એવું અશુદ્ધ સમકિત મેળવ્યાથી કશોય ગુણ-લાભ થતો નથી, માટે સમકિતને વિશુદ્ધ રાખવા માટે જે જે ઉપાયો શાસ્ત્રમાં બતાવેલા છે તે બધા ઉપાયોને અહીં નિર્દોષ રીતે કહેવાના છે. સમકિતને અશુદ્ધ કરનારા અને અશુભ ભાવનાજનક એવા ચાર દોષો છે. **૧ શંકા, ૨ કાંક્ષા, ૩ વિચિકિત્સા અને ૪ પરપાખંડ પ્રશંસા.** આ ચારે દોષો સમ્યક્ત્વનો વિલોપ કરનારા છે અને પાપરૂપ છે માટે દૂરથી તજી દેવા લાયક છે. સમકિતને વિશુદ્ધ કરનારા એવા જ બીજા ચાર સુંદર ગુણો શાસ્ત્રમાં બતાવેલા છે. **ઉપબૃંહણ, અવિમૂઢદૃષ્ટિ, સ્થિરીકરણ અને વાત્સલ્ય.** આ ચારે ગુણો હમેશાં આચરવા લાયક છે, સમ્યક્ત્વનું પોષણ આપનારા છે અને પુણ્યરૂપ છે. આ ચારે ગુણોના આચરણમાં કોઇ અશુદ્ધિ આવે કે દોષ હોય તો એ ચારે ગુણો પણ દોષરૂપ થઇને વિપરીત બને છે. કાંક્ષા વગેરે દોષોનું સ્વરૂપ જ્યારે તેમને વર્ણવવાનો પ્રસંગ આવશે ત્યારે બતાવશું. હમણાં તો પ્રસ્તુત શંકાના દોષનું સ્વરૂપ આચાર્યશ્રી જણાવે છે.

'સંશય કરવો' એ શંકાનું સ્વરૂપ છે. શંકાના બે પ્રકાર છે. એક દેશ શંકા અને બીજી સર્વ શંકા. દેશ શંકા એટલે જીવ, અજીવ વગેરેમાં કોઇ પણ એક તત્ત્વ વિશે શંકા કરવી. જેમ કે જીવ હશે કે કેમ? પુનર્જન્મ હશે કે કેમ? એવો સંદેહ રાખવો. સંદેહ તો અજાણી વસ્તુને જાણવા પૂરતો બધાંને થાય જ, પરંતુ એ સંદેહને ટાળવાના ઉપાયો ન લેવા અને વસ્તુસ્વરૂપને સમજવા પણ તકલીફ ન લેવી, કિંતુ હમેશાં જીવ, અજીવ, પુનર્જન્મ વગેરે વિશે મનમાં સંદેહ રાખી જ મૂકવો એનું નામ દેશ શંકા. સર્વ શંકા એટલે સંપૂર્ણ દ્વાદશાંગી તરફ જ શંકાની નજરે જોવું અર્થાત્ એ દ્વાદશાંગી શ્રી જિનભગવાને બનાવેલી છે કે બીજા કોઇએ બનાવેલી છે? તાત્પર્ય એ કે-સમસ્ત શાસ્ત્રો વિશે તેના પ્રમાણિકપણાની શંકા કરવી તેનું નામ સર્વ શંકા છે. જેનું મન ભગવાને કહેલાં તત્ત્વો સંબંધે શંકિત હોય અને શંકિત હોવાને લીધે જ કલુષિત હોય-ડોળાયેલું હોય એવો શંકાશીલ માનવ કોઇ પણ કાર્યમાં નિશ્ચયપૂર્વક વિશિષ્ટ રીતે પ્રવૃત્તિ કરી શકતો નથી. જેનું ચિત્ત શંકાને હિંચકે ચડેલું હોઇ ડહોળાઇ ગયેલ છે, એવો માનવ આ લોકમાં કરવાનું ખેડ વગેરેનું કામ પણ કરી શકતો નથી, તો પછી એવો શંકાદગ્ધ માનવ પરલોકનું કામ તો શી રીતે કરી શકે? વળી શંકાનું ઝેર ચડવાથી જેના મનમાં અનેક પ્રકારના સંકલ્પો-વિકલ્પો ઊઠ્યા કરે છે તેથી મન વિક્ષિપ્ત થઇ જાય છે. એવો માનવ આ લોકમાં જ **ધનદેવ** નામના વાણિયાની પેઠે દુઃખી દુઃખી થઇ જાય છે. હવે ધનદેવની કથા કહેવામાં આવે છે.

## ધનદેવની કથા

આ જ **બૂદ્વીપ** નામના દ્વીપમાં જ **ઐરવત** નામના ક્ષેત્રમાં **જયત્થલ** નામનું એક નાનું ખેડ-ગામ છે ચારે બાજુ ધૂળના ગઢવાળું એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામ કલિંગદેશરૂપ કુલાંગનાના મુખની પેઠે મનોહરવાણિય છે જેમ કુલાંગનાનું મુખ મનોહર વાણીવાળું છે તેમ એ ગામ મનોહર વાણિય-વાણિજ્ય-વેપારવાળું છે કર્મગ્રંથ નામના શાસ્ત્રના પ્રકરણની પેઠે બહુવિધ પ્રકૃતિ-સ્થિતિ પ્રદેશ ગહન છે એટલે જેમ કર્મગ્રંથના પ્રકરણમાં અનેક પ્રકારની કર્મની પ્રકૃતિઓની, તેમની સ્થિતિઓની અને તેમના પ્રદેશોની ગહન ચર્ચા છે તેમ એ ગામ બહુવિધ અનેક પ્રકારની પ્રકૃતિ એટલે પ્રજાઓની સ્થિતિ, નિવાસોના પ્રદેશો-સ્થાનોથી ગહન ખીચોખીચ ભરેલું છે, તથા ધન ધાન્યની સમૃદ્ધિથી ભરપૂર છે. એ ગામમાં **વિસાહદત્ત** નામે એક શેઠ રહે છે, તેને **સેણા** નામે સ્ત્રી છે તેમને **સંવર** અને **ધનદેવ** નામના બે પુત્ર છે. બંને ભાઈઓ પરસ્પર પ્રેમ-પૂર્વક પોતાના દિવસો વીતાવે છે.

કોઈ એક દિવસે તેના પિતાને વિચાર થયો કે-આ બે પુત્રોમાંથી કયો પુત્ર આ ઘરનો વિશેષ અભ્યુદય કરનારો નિવડશે ? એની પરીક્ષા કરવી જોઈએ અને તેમાં જે ઉત્તમ નિવડે તેને કુટુંબનો અધિપતિ બનાવી તેને કુટુંબની ચિંતા ભળાવી હું પોતે જાતે નચિંત થઈ સુખે રહું. આમ વિચારી તેણે બન્ને છોકરાની પરીક્ષા કરવા એક વાર બન્ને પુત્રોને બોલાવીને કહ્યું કે-અરે પુત્રો ! તમે બન્ને પાંચ હજાર સોનામહોરો લઈને જુદા જુદા દેશોમાં જાઓ અને ધન કમાવાની પોત-પોતાની કુશળતા બતાવો. બન્ને ભાઈઓએ પોતાના પિતાની એ વાત સાંભળી અને સાથે ઘણાં કરિયાણાં વગેરે લઈને તેઓ બન્ને જુદા જુદા દેશાંતર તરફ ગયા. તેમાંનો મોટો પુત્ર સંવર **દક્ષિણાપથ** ભણી ગયો અને બીજો નાનો દીકરો ધનદેવ **ઉત્તરાપથ** તરફ ગયો.

મોટો પુત્ર સંવર કાંચીપુર પહોંચ્યો અને ત્યાં તેણે ધન કમાવાના અનેક ઉપાયો અજમાવી જોવા માંડ્યા રાજાની સાથે સંબંધ બાંધી ઉત્તમ વસ્ત્ર વગેરેનાં ભેટણાં આપીને રાજાની સેવા કરવા લાગ્યો. આ રીતે રાજાની સેવા કરતો તેને જોઈને રાજસભાના લોકોએ તેને કહ્યું કે : અરે ભાઈ ! આ રીતે રાજાની સેવામાં શા માટે નકામો લખલૂટ ખરચ કરે છે ? શું કોઈ પણ પુરુષ સર્પ, રાજા અને અગ્નિની સેવા કરીને તેમને પોતાના વશમાં કરી શકેલ છે ? જેથી કરીને તું આમ રાજાની સેવામાં પ્રવર્તી રહે છે. **સંવર** બોલ્યો : અરે મૂઢ લોકો ! આ મારી સેવાનો ખરો ઉદ્દેશ તમે જાણતા નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે—

રાજદરબારમાં જવું, જેઓ માનીતા પ્રીતિ-પાત્ર છે તેમની સેવા કરવી, કદાચ આમ કરવાથી વિશેષ પ્રકારના વૈભવોનો લાભ ન મળે તો પણ થનારા અનર્થોને તો ખરેખર જરૂર અટકાવી શકાય. 'ખર્ચ' થઈ જશે' એવી બીકથી જે ડાહ્યો માનવ રાજાનો આશરો લેતો નથી તેનું અપમાન નીચ માણસો કરે એમાં શી નવાઈ ? એમ નક્કી કરીને તેણે પેલા મૂઢ લોકોની રાજાની સેવા ન કરવાની શિખામણ માની નહિ અને પોતાની બુદ્ધિ પ્રમાણે ગમે તેમ કરીને તે રાજાની સેવા કરતો રહ્યો સારા ખેતરમાં વાવેલો બીજોનો જથ્થો જેમ ભવિષ્યમાં ભારે ફળ આપે છે તેમ સંવરે માંડેલો રાજા સાથેનો વ્યવહાર તેમને ભારે ફળ આપનારો નિવડ્યો. એની વિશેષ પ્રખ્યાતિ થઈ અને રાજા સાથેના વ્યવહારના અભિમાનને લીધે સંવર ગમે તેવા ઉચ્છૃંખલ માણસ પાસેથી પણ પોતાની ઉઘરાણી કે વ્યાજ વગેરેનું નાણું મેળવી શકતો. એને પરિણામે તે જલદી ધનવાન થઈ ગયો.

આ તરફ **ધનદેવ**, **ગજજણય** નામના સ્થળ તરફ જતાં વચ્ચે એક સ્થાનમાં તેણે ઉતારો કર્યો એ વખતે ત્યાંના રહેવાસીઓ તેની પાસે આવ્યા અને તેમણે તેની પાસેના કરિયાણાની માગણી કરી. તેથી તેમાં કેટલોક લાભ હાંસલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળે એમ છે તેમ ધારીને તે પોતાની પાસેનું કરિયાણું તેમને દેવા લાગ્યો. તેની સાથેના માણસોએ તો તેમ કરવાની ના પાડી અને કહ્યું કે-આ રીતે કઠેકાણે વેચી દેવાથી તું તારા હાથમાં આવેલો ઘણો લાભ આ થોડા લાભના લોભે હારી જવાનો છે. તેમ કહ્યા છતાં તેણે તેમનું માન્યું નહીં અને ઉલટું કહ્યું કે-કોને ખબર છે કે હવે પછી આ કરિયાણાને વેચવાથી આથી પણ વધારે હાંસલ મળશે કે કેમ? માટે પ્રત્યક્ષમાં થોડો લાભ મળે છે તે લઇ લેવોજ; પણ ભાવિમાં થનારા વિશેષ લાભને કલ્પીને પ્રત્યક્ષ લાભની અવગણના કરવી તે અયુક્ત છે. એમ સમજીને તેણે પેલાઓને બધુંય કરિયાણું નજીવા હાંસલે પણ વેચી દીધું. એ વેચાણથી તેને જે ધન મળ્યું તે વડે બીજું કરિયાણું લઇને તે આગળ ચાલ્યો અને ચાલતાં ચાલતાં કેટલાક સમય પછી તે ગજજણમ પહોંચી ગયો. સંશય ભરેલી વૃત્તિઓને લીધે, જેમાં પ્રત્યક્ષ લાભ મળે એવી પ્રવૃત્તિઓને તજી દઇ તે, બીજા બીજા લાભ ન મળે તેવા અસાર વ્યાપારમાં પડ્યો. એની એવી સ્વચ્છંદ અવળી પ્રવૃત્તિ જાણીને તેનો પરિવાર તેના તરફ બેદરકારીથી વર્તવા લાગ્યો. એવામાં તે નગરનો એક બીજો કોઇ માણસ આ ધનદેવનું મન બરાબર કળી ગયો. તેની ખૂબ સેવા કરવા લાગ્યો અને તે જેમ કહે તેમ પણ કરવા લાગ્યો. એ રીતે પેલા નગરના વ્યાપારીએ તેની સાથે એવી ભાઇબંધી કરી કે એ. તેના અભિન્ન હૈયા જેવો બની ગયો અને પછી ગમે તે બાનું બતાવી જેમ તેમ કરીને પેલો નગરપુત્ર એ ધનદેવ પાસેથી પૈસા કઢાવવા લાગ્યો અને એમ કરતાં કરતાં તો એ ધનદેવ છેવટે નિર્ધન બની ગયો.

હવે વખત જતાં મરુબકના વૃક્ષોનો રમ્ય મદ અને મનોહર તરુણીઓના વાળના જુથનું કંપન. હલન, ચલન અને ફરફરાવવું એ બધાંને લીધે તત્કાળ સુવાસિત બનેલા શિશિર ઋતુની ઠંડીથી થીજી ગયેલી નદીઓનાં પાણીને લીધે અને દુઃખે કરી વહન કરી શકાય તેવા હિમને લીધે ઘણા જ ઠંડા થઇ જવાથી ન સહી શકાય એવા થયેલા ઉત્તર દિશાના વાયરાઓ ચારે બાજુ વાવા લાગ્યા, હેમંત ઋતુ પ્રૌઢતાને પામી. સ્ત્રીઓનાં ગાઢ આલિંગન કરવાની ઉત્કંઠા જેમના મનમાં વધવા લાગી છે એવા પ્રવાસી વાંઢા લોકો ચંચળ અને ઉદ્વેગવાળા થવા લાગ્યા. સ્થાને સ્થાને-ઠેક ઠેકાણે-ઘર્મ માટે રાખેલી તાપની સગડીઓની આસપાસ રાંક લોકો ટોળું મળીને તાપી વીસામો કરતા હતા, તે હવે ઘરના આંગણામાં જઇને બેસવા લાગ્યા. ટાઢને લીધે પોતાના અંગ ઉપર પાકા તેલમાં કાલવેલા ઘટ્ટ કેસરના અંગરાગને ચોપડી શોભાયમાન બનેલા પુરજનો ઘરના છજાની વચ્ચે દિનને છેડે સંધ્યા વખતે આંટા મારવા લાગ્યા અને ખીલતા કુંદની સુગંધીઓને લીધે મનોહર લાગતા એવા વનના વયરાઓ ચાલવા લાગ્યા.

આ જાતનો કડકડતો શિયાળો ચાલતો હતો ત્યારે એક વાર પેલો ધનદેવ પોતાના પરિવારના માણસો નિર્દોષ હોવા છતાં તેમના ઉપર દોષારોપણ કરીને વારંવાર શંકા કરતો હતો અને બહાર જવાનો હોય ત્યારે ઘરનાં બન્ને બારણાં સજ્જડ રીતે બંધ કરીને, તાળું દઇને કુંચી હાથમાં રાખીને ફરતો હતો. એ રીતે તે શેરીના આગલા જ ભાગમાં રહેલી પંચની સગડી પાસે શિયાળાની ટાઢથી કંપતા શરીરને તપાવવા એક વાર વિશિષ્ટ માણસોની ગોષ્ઠીમાં બેઠો હતો ત્યારે એક ભારે કોલાહલ થયો. 'આ શું આ શું?' એમ કરતા ત્યાં સગડી પાસે બેઠેલા બીજા બધા માણસો ડરી ગયા અને ઊઠીને તેઓ જે દિશામાંથી એ ઘોંઘાટનો અવાજ આવતો હતો તે દિશા તરફ જોવા લાગ્યા. તો ત્યાં ઊંચે ચડતો, પારેવાની ડોક જેવો ભૂખરો જાણે કે આકાશમાં મેઘ ન ચડ્યો હોય એવી શંકાથી ત્યાં ભેગા થઇ ગયેલા લોકો વાંકું શરીર અને ઊંચી ડોક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને જેની સામે જોતા હતા એવો ઘટ્ટ ધૂમાડો તેમણે દીઠો. આ કોનું ઘર બળે છે?' એવી શંકાથી જેમનાં મન ભેદાઈ ગયેલાં છે હૈયા ત્રાસી ઉઠ્યાં છે એવા લોકો ત્યાં ઊભેલા છે તેમને જોઇને એક માણુસ બોલ્યો કે-આ તો ધનદેવનું ઘર બળી રહ્યું છે. એ સાંભળીને લોકોએ તેને તરત જ પોતાના બળતા ઘર તરફ જવાની સૂચના કર્યા છતાં એ શંકાશીલ વૃત્તિનો ધનદેવ પોતાના સળગતા ઘર તરફ જતો નથી અને ઊલટું એમ કહેવા લાગ્યો કે મારા ઘરમાં આગ લાગવાનો સંભવ નથી; કિંતુ પડતા હિમની ઠંડીને લીધે અતિશય ઠંડી બનેલી વાત હવાથી થરથરતા એવા પ્રવાસી લોકોએ સળગાવેલા ઘાસના પુંજની આગમાંથી ધૂમાડો નીકળે છે, એ કદાચ આ દેખાતો ધૂમાડો હશે માટે શા માટે આકળા થાઓ છો? પોતપોતાનાં સ્થાન ઉપર બેસી રહો. એવી વાત કરે છે એટલામાં આમતેમ જોતાં હાંફળાંફાંફળાં બનેલા એ ધનદેવના પોતાનાં જ માણસો ત્યાં આવી પહોંચ્યા અને કહેવા લાગ્યાં કે-હે ધનદેવ! આમ કેમ સ્થિર બેઠેલો છે? જોતો નથી કે નીચેથી ટોચ સુધીમાં મોટા મોટા તણખાઓના ફેલાવાથી ભયંકર બનેલો અને લાકડાંને બાળવાથી લાંબી ટોચવાળો થયેલો આ અગ્નિ તારું ઘર બાળી રહ્યો છે? આ સાંભળીને તે ઊભો થયો અને બળીને ખાખ થઇ ગયેલા પોતાના ઘરે જઇ પહોંચ્યો. ત્યાં તેણે ઘરનો બધો સદર ભાગ બળી ગયેલો દીઠો. 'હવે આ માણસ કંગાળ થઇ ગયો છે.' એમ સમજીને તેના માણસોએ તેને તજી દીધો અને 'આ બાવરો છે' એમ સમજીને ત્યાંના બીજા લોકોએ તેને ફિટકાર આપ્યો.

હવે એ ધનદેવ પોતાનો નિભાવ કરવાને અસમર્થ બન્યો અને તે પોતાના બાપના ઘર ભણી જવા લાગ્યો. રસ્તામાં તે ભૂખથી હેરાન થયો. એટલે એ કોઇ એક ત્યાં આવેલા નેસડામાં ભીખ માગવા સારુ ફરવા લાગ્યો 'આનો આકાર સુંદર છે' એમ ધારીને તેના ઉપર દયા આણી એક ગૃહિણીએ તેને આદર સાથે ખાવાનું આપ્યું. ખાઇ પીને ભૂખ તરસને શાંત કરીને એ ત્યાંથી બહાર નીકળ્યો. એટલામાં તેના મનમાં શંકા થઇ આવી કે-પેલી બાઇએ મને અતિશય આદરથી ખાવાનું આપેલું છે એથી એમ જણાય છે કે તેણીએ મારા ઉપર કાંઇ કામણટુંમણ કરવા માટે એ ખાવાનું કેમ આપેલું ન હોય? એ ભોજન કામણ વગેરેના દોષવાળું હોય એવી જાતની ઉગ્ર શંકા થવાથી તેને પેટની પીડા ઉપડી અને એ મહાકષ્ટે એક નગરમાં પહોચ્યો. ત્યાં વૈદનું ઘર પૂછીને વૈદની પાસે ગયો. પોતાને પેટપીડા ઊપડી આવી છે એ વાત વૈદને તેણે કહી સંભળાવી. વૈદે તેને પેટના શોધન માટે ઔષધ આપ્યું. પછી ગંગાના પ્રવાહની પેઠે તેનું પેટ છૂટી પડયું, તેને અતિશય ઝાડા થઈ ગયા. તેના ઉપર દયા આવવાથી વૈદે ફરીને ઓસડ આપીને સારવાર કરી તેને સાજો કર્યો. પછી શંકાનો વિચાર થોડો થોડો તજી દઇને એ, પોતાના બાપના ગામ તરફ ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં કેટલાક સમય પછી તે પિતાને ઘેર પહોંચ્યો. એના પહોંચતાં પહેલાં જ એના પરિવારના માણસો એના પિતા પાસે આવીને એની બધી હકીકત સંભળાવી ગયેલા એટલે પિતાએ બધું પોતાના પુત્ર વિષે અગાઉથી જ જાણી લીધેલું તેથી જ્યારે એ ઘેર આવ્યો ત્યારે તેના પિતાએ તેની યોગ્ય સારવાર કરી.

બીજે કોઈ એક દિવસે એ શેઠનો મોટો દીકરો સંવર આવ્યાની વધામણી આવી. શેઠ તેની સામે ગયા. લગભગ એક ગાઉ જેટલે છેટે ગયા પછી શેઠે બળદના ગળાની ઘૂઘરમાળનો અવાજ સાંભળ્યો અને પછી થોડી જ વારમાં અનેક ઊંટ, બળદ, ખચ્ચર, ગાડા અને જવાન-પુરુષ બેસી શકે એવાં પુરુષપ્રમાણ વાહન-મ્યાના વગેરેની ઉત્તમ સામગ્રી સહિત અને અનેક ચોકીદારો સાથે શેઠનો પુત્ર ત્યાં આવી પહોંચ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ત્યાં જ પોતાના પિતાના પગમાં નમી પડ્યો. એની આ બધી સામગ્રી અને ઠાઠમાઠ જોઈને જ શેઠ સમજી ગયા કે-આ મારો પુત્ર સારી રીતે ઘણું ધન કમાઈ આવેલ છે. એણે નગરમાં પ્રવેશ કર્યો વધામણાં થયાં, સારી તિથિ અને સારું મુહૂર્ત જોઈને એ આવેલા બીજા પુત્રને શેઠે પોતાના ઘરનો સ્વામી બનાવ્યો. પોતાની ગાદીએ બેસાડ્યો અને પેલા ધનદેવ નામના છોકરાને નોકરો કરે એવાં કામકાજમાં જોડ્યો. પોતાના મનમાં રહેલી શંકાશીલ વૃત્તિને લીધે ધનદેવ હમેશાં દુઃખનો ભાગી થયો.

**સાર**-આપણા વ્યવહારના કામકાજમાં પણ શંકાશીલ વૃત્તિને લીધે આપણે ખરેખર સર્વત્ર અસફળતા જ પામીએ છીએ અને શ્રી જિનેશ્વર ભગવાને કહેલાં તત્ત્વો તરફ શંકાશીલ વૃત્તિ રાખવાથી આપણાં બધાં કલ્યાણ કાર્યો હણાઈ જાય છે. સંદેહના ગાઢ અંધકારના પુંજથી વ્યામોહ પામેલા જીવો, આ સંસારમાં તેમને પ્રાપ્ત થયેલ ચિંતામણિ રત્નને પણ 'એ ઠેકું છે' એમ સમજીને તજી દે છે.

પરમગુરુના મુખથી કહેવામાં આવેલાં તત્ત્વો તરફ જે અલ્પ સત્ત્વવાળો અને કલુષિત બુદ્ધિવાળો પ્રાણી વ્યામોહ વૃત્તિ દાખવે છે તે, આ જગતમાં, જેમ કોઈ તરસથી પીડા પામેલો પ્રાણી નિર્મળ પાણીથી ભરેલી તલાવડીને છોડીને ઝાંઝવાના જળના તળાવ તરફ દોડ્યા કરે અને દુઃખી થાય તેમ દુઃખી થાય છે. રાગ અને મોહવૃત્તિને લીધે માનવ ખોટું બોલે છે, શ્રી જિનેશ્વરદેવમાં રાગ અને મોહવૃત્તિ સર્વથા ક્ષીણ થયેલી હોવાથી તેમને લેશ પણ ખોટું કહેવાનું કારણ નથી છતાંય જે તુચ્છ વૃત્તિવાળો માનવી એમના વચનોમાં અસત્યતાની શંકા રાખે તે આગમાંથી અમૃતના જળ જેવી શીતળતા પ્રગટે એવું વાંછનાર કોઈ મૂઢની જેવો મહામૂઢ છે. કોઈ રોગી, આપ્ત એવા વૈદ્યને જાણ્યા પછી પણ તેના વચનમાં શંકા રાખે તો તે એ વૈદ્યની દવા નિરંતર લીધા છતાંય કદિ પણ નિરોગી થઈ શકતો નથી માટે સર્વજ્ઞનાં તમામ વચનો-એક એક વચનો-એક અશંકાભાવે એવી રીતે રહેવું જોઈએ કે કદિ પણ ચિત્તમાં સંશયના મેલનો સ્પર્શ જ ન થાય. કદાચ સૂરજ આથમણી દિશાએ પશ્ચિમમાં પણ ઊગે, સિદ્ધના જીવો સિદ્ધશિલાને પણ કદાચ તજી દે તો પણ શ્રી જિનવરનું વચન કદિ ય મિથ્યા થતું નથી એવી અડગ શ્રદ્ધા રાખવી જોઈએ.

એ પ્રમાણે શ્રી કથારત્નકોશમાં સમ્યક્ત્વના અતિચાર શંકાદોષ વિશે ધનદેવનું બીજું કથાનક સમાપ્ત.

---

## 卐 જિનશાસનનો સાર 卐

એક વખત ભગવાન મહાવીરને એક જિજ્ઞાસુએ પ્રશ્ન કર્યો,
"હે ભગવન્! જિન શાસનનો સાર શું?
પ્રભુએ જવાબ આપ્યો....
**જેવી ઇચ્છા તું તારા માટે રાખે છે**
**એવું વર્તન તું બીજાઓ પ્રત્યે પણ કર...**
તું તારા માટે જે નથી ઇચ્છતો
તેવું વર્તન બીજા પ્રત્યે કદિ કરીશ નહિ
સહુ જીવોને આત્મતુલ્ય સમજીને જીવવું એ જ જિનશાસનનો સાર છે....

For Private And Personal Use Only

સિદ્ધાચલમંડન
॥ શ્રી ઋષભદેવસ્વામિને નમઃ ॥

પાલીતાણા મુકામે

# સંઘમાતા શતવર્ષાયુ પૂ. સાધ્વીજી શ્રી મનોહરશ્રીજી મહારાજ (બા મહારાજ)નો સમાધિપૂર્ણ સ્વર્ગવાસ

સ્વર્ગવાસ : **પોષ સુદિ ૧૦ બુધવાર તા. ૧૧-૧-૯૫**

C/o. વીસા નીમા ભવન, તળેટી રોડ,
પાલીતાણા-૩૬૪ ૨૭૦ (ગુજરાત રાજ્ય)



લિ **મુનિ જંબૂવિજયજી** તરફથી ધર્મલાભ.

અત્યંત આનંદ તથા અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે મારા પરમ ઉપકારી તીર્થસ્વરૂપ પરમપૂજ્ય સંસારી આદર્શ માતા શતવર્ષાયુ સાધ્વીજી શ્રી **મનોહરશ્રીજી મહારાજ** પોષ સુદિ ૧૦ ને બુધવાર તા. ૧૧-૧-૯૫ના રાત્રે ૮-૫૪ કલાકે સકલ શ્રી સંઘના મુખેથી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં કરતાં આ નશ્વરદેહનો ત્યાગ કરીને પરમ પવિત્ર તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થાધિપતિ આદીશ્વરદાદાની સન્મુખ મુખ રાખીને આદીશ્વર દાદાના ચરણમાં સમાધિ પામ્યા છે. અંત સમયે આવા તીર્થની પ્રાપ્તિ થવી એ અત્યંત પુણ્ય હોય તો જ બની શકે તેથી એ વાતનો અમને અત્યંત આનંદ થાય છે.

વળી મારા પરમ પરમ ઉપકારી અને તેઓજ મારા માટે પરમાત્મસ્વરૂપ મારા સંસારી પિતાશ્રી તથા સદ્ગુરૂદેવ પૂજ્યપાદ મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ આજથી લગભગ ૬૬ વર્ષ પૂર્વે સં. ૨૦૧૫ના મહા સુદિ આઠમે શ્રી શંખેશ્વરજી તીર્થમાં સ્વર્ગમાં સીધાવ્યા. લગભગ ૩૬ વર્ષ પછી મારા માતુશ્રી શ્રી સિદ્ધક્ષેત્ર શત્રુંજયતીર્થમાં સ્વર્ગમાં સીધાવ્યા. આમ બંને મહાતીર્થમાં મારા માતા-પિતા સ્વર્ગે પધાર્યા એ મારા માટે મોટો આનંદનો વિષય છે.

બીજી બાજુ, મારા અનંત ઉપકારી અને મારા માટે પરમાત્મસ્વરૂપ મારા માતુશ્રી ચાલ્યા જવાથી મારી માનસિક વેદનાનો પાર નથી.

ગયા વર્ષે મારા માતુશ્રીની જન્મભૂમિ ઝીંઝુવાડામાં અમે હતા ત્યારે માગશર વદિ બીજે મારા માતુશ્રીએ ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો, તે સમયે તેમની શત્રુંજય તીર્થપતિ શ્રી આદીશ્વરદાદાજીની યાત્રા કરવાની ભાવના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી અને અમારી પણ તેમને છેલ્લી છેલ્લી યાત્રા કરવાની તીવ્ર ઝંખના હતી એટલે અમે શ્રી શંખેશ્વરજી તીર્થથી સં. ૨૦૫૦ના મહા સુદિ દશમે વિહાર કરી ફાગણ સુદિ સાતમે અહીં આવ્યા હતા. અહીં આવ્યા પછી તેમને થોડા થોડા સમયના અંતરે ત્રણ યાત્રાઓ કરાવી હતી. યાત્રા કરી તેઓનો આત્મા અત્યંત ધન્ય બન્યો હતો અને અમે પણ ધન્ય બન્યા હતા. શ્રી શંખેશ્વરજી તીર્થથી અમે નીકળ્યા ત્યારથી આજ સુધીમાં (મૂળ પાલનપુરના વતની, હાલ મુંબઈ નિવાસી) **ઝવેરી કીર્તિલાલ મણીલાલ મહેતા** (જેંબલવાળા) ના પરીવારે ઘણો જ સેવા આદિનો લાભ લીધો હતો.

ઉંમરના કારણે અવારનવાર તબિયતમાં ફેરફાર થઈ આવતો હતો, છતાં ભગવાનની કૃપાથી પાછો સુધારો થઇ જતો હતો, એટલે આ વર્ષે તેમનો ૧૦૧ વર્ષમાં પ્રવેશ દાદાજીની પવિત્ર છાયામાં જ થાય તો સારૂં આ ભાવનાથી અમે અહીં માગશર વદિ બીજ ને મંગળવાર તા. ૨૦-૧૨-૯૪ સુધી રોકાયા. માગશર વદિ બીજને દીવસે તેમણે ઊપર યાત્રા કરી દાદાજીનાં દર્શન કર્યા, તેમના ચરણમાં શિર મૂક્યું તેમજ આ પ્રસંગે દાદાના દરબારમાં જ ખાસ રાખેલા ભક્તામર પૂજનમાં પણ તેઓ લગભગ ૧ કલાક સુધી બેઠા. દાદાજીનાં ખૂબ ખૂબ દર્શન કરી નીચે આવ્યા તે પછી બપોરે અનેક સાધુ ભગવંતોએ તેમને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા. આ રીતે ૧૦૧ વર્ષમાં પ્રવેશનો દિવસ ખૂબ આનંદથી પસાર થયો.

ત્યાર પછી તેમની તબિયત ધીમે ધીમે ઘસાતી ચાલી. છેલ્લા ચાર દિવસ શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી, અમારી મતિ પ્રમાણે ઉપચારો કરવામાં કશી કમી રાખી નહોતી, પરંતુ નશ્વર સંસારના **નિયમ** અનુસાર છેવટે ૧૦૦ વર્ષ ઉપર ૨૩ દિવસનું આયુષ્ય પૂર્ણ કરીને ૫૬ વર્ષનું સુંદર ચારિત્ર પાળીને વિશાળ ચતુર્વિધ સંઘની હાજરીમાં નમસ્કાર મહામંત્રની ધૂન વચ્ચે અમને બધાને શોકમાં નિમગ્ન કરીને મારાં માતુશ્રી સ્વર્ગમાં સીધાવ્યા છે. ભગવાન મહાવીર પરમાત્માના શાસનમાં સો વર્ષનું આયુષ્ય પૂર્ણ કરનારા સાધ્વીજી ભાગ્યે જ થયાં છે, એટલે પ્રભુ મહાવીરના શાસનમાં ઐતિહાસિક સ્થાન પ્રાપ્ત કરીને સંઘમાતા બનીને તેમણે અનેક અનેક આત્માઓનું પરમ કલ્યાણ કર્યું છે.

અપાર વાત્સલ્યના મહાસાગર એવા તેમના હૃદયમાંથી નીકળતા આશીર્વાદોના શબ્દોનો પ્રવાહ મેળવવો એ જીવનનો અણમોલ લહાવો હતો.

## સંઘમાતા પૂજ્યપાદ શતવર્ષાયુ સાધ્વીજી શ્રી મનોહરશ્રીજી મહારાજની સંક્ષિપ્ત જીવનરેખા

વિક્રમ સંવત ૧૯૫૧ માગશર વદિ ૨ ને શુક્રવાર તા. ૧૪-૧૨-૧૮૯૪ ના દીવસે પિતાશ્રી **શાહ પોપટલાલ ભાઇચંદના** ધર્માત્મા ધર્મપત્ની **બેનીબહેન**ની કુક્ષિથી ઝીંઝુવાડામાં જન્મ થયો અને તેમનું **મણિબહેન** નામ રાખવામાં આવ્યું. લગભગ ૧૬ વર્ષની ઊંમરે તેમનું બહુચરાજી તથા શંખેશ્વર તીર્થ પાસે દેથળી ગામના મૂળ વતની પરંતુ માંડલમાં રહેતા પિતા **શ્રી મોહનલાલ જોઇતારામ** તથા માતા **શ્રી ડાહીબહેન ડામરસીભાઇના** સુપુત્ર **ભોગીલાલભાઇ** સાથે લગ્ન થયું.

તે પછી વિક્રમ સંવત્ ૧૯૭૯ મહા સુદિ ૧ બુધવાર તા. ૧૮-૧-૧૯૨૩ ના દિવસે એક પુત્રની પ્રાપ્તિ થઇ. તે પછી લગભગ બે વર્ષમાંજ બ્રહ્મચર્યવ્રતનો બંને પતિ-પત્નીએ સ્વીકાર કર્યો.

ત્યારપછી વિક્રમ સંવત ૧૯૮૮ જેઠ વદિ ૬ શુક્રવાર, તા. ૨૪-૬-૧૯૩૨ ના દિવસે **ભોગીલાલભાઇ**એ પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી** (બાપજી) મહારાજ પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી અને પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયમેઘસૂરીશ્વરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજના શિષ્ય થયા. તેમનું નામ મુનિરાજ **શ્રી ભુવનવિજયજી** મહારાજ રાખવામાં આવ્યું. તે પછી વિક્રમ સંવત **૧૯૯૩** વૈશાખ સુદિ **૧૩**, શનીવાર તા. **૨૫-૫-૧૯૩૭** ના દીવસે **રતલામ**માં પુત્રે પણ ભાગવતી દીક્ષા લીધી અને તેમનુ નામ મુનિ **શ્રીજંબૂવિજયજી** રાખવામાં આવ્યુ. તે પછી વિક્રમ સંવત **૧૯૯૫** મહા વદિ બારસ તા. **૧૫-૨-૧૯૩૯** બુધવારે **મણિબહેનની** પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયનીતિસૂરીશ્વરજી** મહારાજના હાથે **અમદાવાદ**માં દીક્ષા થઈ અને તેમનાં જ સંસારી મોટા બહેન પૂજ્ય સાધ્વીજી **શ્રી લાભશ્રીજી** મહારાજ ( સરકારી ઉપાશ્રયવાળા ) નાં શિષ્યા થયાં અને તેમનું નામ સાધ્વીજી **શ્રી મનોહરશ્રીજી** રાખવામાં આવ્યું. દીક્ષા લીધા પછી જ્ઞાનાભ્યાસ તથા તપ-જપની આરાધના કરતાં તેઓ અનેક દેશોમાં વિચર્યા છે. સમેતશિખરજી આદિ અનેક તીર્થોની તથા શ્રી સિદ્ધગિરિરાજની તેમણે નવ વાર નવાણું યાત્રા કરી છે.

માસક્ષમણુ, સોળભત્તુ, સિદ્ધિતપ, અનેક અઠ્ઠાઇઓ, ચત્તારિ-અટ્ઠ-દસ-દોય, સમવસરણ તપ, સિંહાસન તપ, વીશસ્થાનક તપ, પાંચ વાર વર્ષીતપ, વર્ધમાન તપની ૬૦ ઓળી આદિ વિવિધ તપશ્ચર્યાઓ તેમણે કરી છે. તેમનો શિષ્યા પરીવાર લગભગ ૪૫ જેટલો છે.

તેમની પાછલી ઉંમરમાં તેમના વિનીત શિષ્યા પરિવારે તથા તે તે ગામોના સંઘોએ તેમની અપ્રતિમ અદ્ભુત સેવા કરી છે, તેઓ પણ ઘણા ઘણા ધન્યવાદના અધિકારી છે.

તેમની તબિયત અસ્વસ્થ છે એમ સાંભળતાની સાથેજ અનેક ગામોના સંઘો હાજર થઇ ગયા હતા. સ્વર્ગવાસ થયા પછી એમની અંતિમયાત્રાની ભવ્ય ઉજવણી માટે સાગરગચ્છાધિપતિ પૂ. આ. મ. **શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી** મહારાજ આદિ અનેક આચાર્ય ભગવંતો તથા પૂ. પં. **શ્રી અશોકસાગરજી** મહારાજ, પં. **શ્રી સોમચંદ્રવિજયજી** મહારાજ તથા મુનિરાજ **શ્રી ભાગ્યેશવિજયજી** મહારાજ આદિ અનેક મુનિ ભગવંતોના પૂર્ણ સહકાર તથા સલાહ-સૂચન આદિ પ્રમાણે ભવ્ય તૈયારી કરવામાં આવી. પોષ સુદિ ૧૧ ગુરૂવારે તે અંગેની અનેક ઉછામણીઓ વીસા નીમા ભવનના ઉપાશ્રયમાં બોલાવવામાં આવી. **પાલીતાણા જૈન સંઘ** તરફથી પાલીતાણા શહેરમાં ખાસ પાખી રાખવામાં આવી ગુજરાત તથા કચ્છના ઘણા ભાઈ-બહેનો આવી પહોંચ્યા. ત્રણ વાગે માનવ મહેરામણની હાજરીમાં ત્રણ બેન્ડો અને અનેક મુનિ ભગવંતોની સાથે જય જય નંદા જય જય ભદ્દાના દિવ્ય ધ્વનિ સાથે તેમની અંતિમ યાત્રા નીકળી હતી.

હાથી ઉપર તેમનો ભવ્ય ફોટો પધરાવીને તથા પાલખીમાં તેમનો દેહ પધરાવીને અંતિમ યાત્રા ફરતી ફરતી પાલીતાણા શહેરમાં ફરીને છેવટે **આદીનાથ મનોહરશ્રી જૈન સોસાયટી**માં આવી અને ત્યાં વિમલગચ્છાધિપતિ પં. **શ્રી પ્રદ્યુમ્નવિમલજી** મહારાજના સંપૂર્ણ સહકારથી ત્રિસ્તુતિક તપસ્વિપ્રવર **શ્રી રવીન્દ્રવિજયજી મહારાજ ( અવધૂત )** તરફથી આ કાર્ય નિમિત્તે ભેટ મળેલા વિશાળ પ્લોટમાં ગોકુળ આઇસ્ક્રીમવાળા **નવીનભાઇ બાબુલાલ કુબેરદાસ ગાંધી**એ મોટી બોલી બોલીને અગ્નિ સંસ્કારની પવિત્ર વિધિ કરી હતી. આ પ્રસંગે જીવદયાની ટીપ આદિ અનેક અનેક ધર્માનુષ્ઠાનો થયાં છે. દેવવંદનમાં ૧૦૦ જેટલાં સાધ્વીજી ભગવંત પધારેલાં હતાં.

આ નિમિત્તે સંઘમાતા સાધ્વીજી શ્રી મનોહરશ્રીજી મહારાજના ગુણાનુવાદની સભા પાલીતાણામાં બિરાજમાન સાધુ ભગવંતોએ **જંબૂદ્વીપ આરાધના ભવન**માં પોષ સુદિ ૧૪ રવિવાર તા ૧૫-૧-૯૫ના બપોરે ત્રણ વાગે રાખેલી હતી તથા પોષ વદિ ૧ મંગળવારથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોષ વદિ ૫ શનિવાર સુધી પંચાહ્નિક **શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ** તેમના શિષ્યા પરિવાર તથા ભક્ત પરિવાર તરફથી રાખવામાં આવ્યો હતો.

પોષ વદિ ૫ શનિવારે **શ્રી સિદ્ધચક્ર મહાપૂજન** દાદાના દરબારમાં રાખવામાં આવ્યું હતું તથા દાદાની ભવ્ય અંગ રચના કરવામાં આવી હતી. શ્રી સિદ્ધચક્ર પૂજન ભણાવવા રાજકોટવાળા **શશિકાંતભાઇ મહેતા** આદિ પધારેલ.

હું તો આ માતા-પિતારૂપી પરમાત્મામાં સમાઇ ગયો છું અને એ દ્વારા જ તીર્થંકર અરિહંત પરમાત્મામાં સમાઇ જવુ એ મારા જીવનનું સંપૂર્ણ ધ્યેય છે. આ ધ્યેયને પૂર્ણ કરવામાં પરમાત્મા મને સંપૂર્ણ સહાય કરે એવી અંતઃકરણપૂર્વક **શ્રી આદીશ્વરદાદા** તથા **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** ભગવાનને પ્રાર્થના કરૂં છું.

**સંઘમાતા બા મહારાજ અમર રહો...**
**સંઘમાતા બા મહારાજનો જય હો...**
**પ્રભુ તેઓના આત્માને**
**પરમ શાંતિ આપો...**

卐

## ધર્મરસ....

ધર્મ પ્રત્યે જેને રસ નથી
એમને ધર્મ કરવા માટેનો સમય ક્'દિ મળતો નથી....
ધર્મથી જ આ આત્માનું ઉત્થાન થશે
એ વાત જેના મગજમાં બેસી ગઇ છે
તેને સમય ક્'દિ પણ શોધવો પડતો નથી....

ધર્મમાં રસ જગાવો....
પ્રભાતથી જ પ્રભુનું સ્મરણ મનમાં ધરી
જીવનની દરેક પ્રવૃત્તિ કરો....
એ રીતે જીવનસાગર પાર કરવા આજથી જ કટીબદ્ધ બનો....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





શ્રી જૈન આત્માનંદ સભાના ઉપપ્રમુખ

# સ્વર્ગસ્થ શ્રી મોહનભાઈ જગજીવનદાસ સલોતને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

—સંજય એસ. દાર

સ્વર્ગસ્થ **શ્રી મોહનભાઇ સલોતના** અચાનક અવસાનથી આ સભાને ખૂબ જ મોટી ખોટ પડી છે. તેઓશ્રી આ સભાના ૪૦ વર્ષથી સભ્ય હતા અને અત્યારે પણ તેઓશ્રી સભાના ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યાં હતાં.

સ્વર્ગસ્થ મોહનભાઇને જ્ઞાન અને જ્ઞાની પ્રત્યે ખૂબ જ આદર હતો. તેઓશ્રી પણ ખૂબ વિદ્વાન હતાં, તેઓ હંમેશા પોતાને ત્યાં આવતા કોઇપણ પ્રસંગે જ્ઞાનીઓને અચૂક આમંત્રણ આપતા અને તેઓશ્રીનું બહુમાન કરતાં. તેઓ દરરોજ સવારે ચાર સામાયિક કરતાં ત્યારબાદ પ્રભુ દર્શન અને બપોરે બે કલાક પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા [ મોટા દહેરાસરે ] કરતાં અને સાંજે આરતી અચૂક ઉતારતાં. અષ્ટપ્રકારી પૂજા કરતાં કરતાં તેઓ જે સ્તવનો બોલતાં તે અદ્ભૂત સ્તવનો હતાં. રાગ-રાગીણીપૂર્વક સ્તવનો તેઓ બોલતાં.

પર્યૂષણ પર્વમાં તેઓ પંચ કલ્યાણકનું સ્તવન ( ભગવાન મહાવીર વિષે ) બોલતા ત્યારે લોકો એકચિત્તે સાંભળતા હતા.

તેમની પાસે આવેલો નાનો માણસ પણ કદિ નિરાશ થઇને ન જતો. તેઓ દરેકને પોતાની રીતે ઉપયોગી બનતા. તેઓ મોટા મોટા ઘણા મહાન પુરૂષોના સતત્ પરિચયમાં રહેતા અને તેઓના જ્ઞાન પ્રેરણા દ્વારા અનેક સત્કાર્યો કરતાં હતાં.

તેઓશ્રી અનેક આચાર્ય-ભગવંતો-પદસ્થ મૂની ભગવંતો, જૈન શ્રેષ્ઠીઓ અને શ્રાવક વર્ગના દિલમાં વસેલાં હતાં. સર્વ કોઇના તેઓ પ્રિયજન હતાં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓને ધાર્મિક જ્ઞાન, પાઠશાળા, સંસ્કૃત વિષય વગેરે પર ખૂબ જ લગાવ હતો, તેઓ પાઠશાળાના વિકાસ માટે તનતોડ પ્રયત્ન કરતાં હતાં. તેઓશ્રીએ ધાર્મિક જ્ઞાન શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળામાંથી જ મેળવેલ હતું. આજે પણ તેઓ અંત સમય સુધી પોતે મેળવેલ જ્ઞાનની પરખ સમી પાઠશાળાને ભૂલ્યા ન હતાં. તેઓ પ્રસંગોપાત પાઠશાળાની મુલાકાત લઇને બાળકોમાં ધાર્મિક જ્ઞાન કેમ વધે અને શાસનની આન-બાન અને શાન કેમ બઢે તે માટે સતત ખેવના રાખતાં હતાં.

સ્વર્ગસ્થ મોહનભાઇના અચાનક ટૂંકી બિમારીમાં આમ ચાલ્યા જવાના કારણે જૈન સમાજને, પાઠશાળાને, અનેક નામી-અનામી સંસ્થાઓને ન પૂરાય તેવી ખોટ પડી છે. તેઓશ્રી દર રવિવારે વડિલો માટે સમુહ સામાયિક રાખતાં અને તેમાં "ધર્મનું સ્વરૂપ શું" એ વિષય પર ખૂબ જ સુંદર છણાવટ કરતા, તેઓશ્રી ભાવનગર અંધ અભ્યુદય મંડળ, કે. સી. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ગૌતમ સેવા ટ્રસ્ટ, શ્રી સૌરાષ્ટ્ર શેર એસોસીએશન વગેરે અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યાં હતાં. સમાજને સાચી દિશા બતાવવામાં તેઓ દિવાદાંડી સમાન હતા.

તેઓ પોતાની પાછળ ત્રણ પૂત્રો ચાર પૂત્રીઓને વિલાપ કરતાં છોડી ગયાં છે. તેઓશ્રી ૭૦ વર્ષની ઉંમરના હતા. શાસનદેવને આપણે સૌ પ્રાર્થના કરીએ તેમનો આત્મા સદ્‌ગતીનો ગામી બને અને જલ્દી શ્રી સીમંધરસ્વામી પાસે પહોંચે એ જ અભ્યર્થના....

卐

# શોકાંજલિ

**શ્રી ઉપેન્દ્રભાઇ જયંતિલાલ શાહ** (ઉ. વ. ૫૫) ભાવનગર મુકામે તા. ૬-૨-૯૫ ને સોમવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્યશ્રી હતા. તેઓશ્રી ખુબ જ ધાર્મીક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખ સહન કરવાની પરમકૃપાળુ શાસનદેવ શક્તિ આપે તથા તેઓશ્રીના આત્માને પરમ ચિર શાંતી આપે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ. સભા આ દુઃખમાં સમવેદના પ્રગટ કરે છે.

લી. **શ્રી જૈન આત્માનંદ સભા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શોકાંજલિ

**શ્રી જયંતિલાલ રતીલાલ સલોત** શીહોરવાળા હાલ : ભાવનગર ( ઉ. વ. ૮૦ ) આપણી સભાની કારોબારી સમિતીના સભ્ય હતા. તેઓશ્રીના સં. ૨૦૫૧ તા. ૨૩-૧-૯૫ના રોજ અચાનક સ્વર્ગવાસથી આ સભા અત્યંત ઘેરા દુઃખની લાગણી અનુભવે છે. તેઓ આ સભામાં છેલ્લા ચાલીશ વર્ષથી સક્રીય રસ લેતા હતા અને સભ્યની કારોબારી સમિતીના ઘણા વર્ષોથી સભ્ય હતા. તેઓ આ સભાના કામકાજમાં ખંતપૂર્વક સેવા અને માર્ગદર્શન આપતા હતા. તેઓ આ સભાની યાત્રા પ્રવાસ કમિટીમાં તેમજ યાત્રા-પ્રવાસમાં ડોનર પણ હતા. તેઓ ખુબ જ ધાર્મીક વૃત્તિના હતા તથા ધાર્મીક શિક્ષણમાં તેમજ સભા તરફથી યોજાતા યાત્રા પ્રવાસમાં પણ સારો રસ લેતા હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી આપણી સભાને ભારે મોટી ખોટ પડી છે.

તેઓશ્રીના કુટુંબીજનો ઉપર આવી પડેલ આ દુઃખ સહન કરવાની પરમકૃપાળુ શાસનદેવ શક્તિ આપે તથા તેઓશ્રીના આત્માને પરમાત્મા પરમ ચિર શાંતી આપે એવી પ્રાર્થના કરીએ છીએ.

## ઠરાવ

આપણી સભાના વ્યવસ્થાપક સમિતીના સક્રીય સભ્ય શ્રી જયંતિલાલ રતીલાલ સલોતનું અચાનક દુઃખદ નિધન થતા આ સભા ઘેરા દુઃખની લાગણી અનુભવે છે. તેઓશ્રી આ સભામાં લગભગ ૪૦ વર્ષથી રસ લેતા હતા અને વ્યવસ્થાપક સમિતીમાં પણ છેલ્લા ઘણા વર્ષોથી સેવા આપતા હતા.

તેઓશ્રી અત્યંત ધાર્મિક વૃત્તિના હતા તેઓશ્રીએ અનેક યાત્રાઓનું સંચાલન કરી પુન્યાનુબંધ પુન્ય ઉપાર્જન કર્યુ હતુ. આપણી સભા દ્વારા યોજાતા યાત્રા પ્રવાસ કમિટીના પણ તેઓ સભ્ય હતા અને એક યાત્રા પ્રવાસમાં ડોનર પણ હતા. તેમના નિધનથી સારા કાર્યકરની સભાને ખોટ પડી છે. પરમાત્મા તેમના આત્માને શાન્તી આપે એવી પ્રાર્થના સહ.

લી. **શ્રી જૈન આત્માનંદ સભા**

# શોકાંજલિ

**શ્રી શાંતિલાલ જગજીવનદાસ જવેરી** ( પાલીતાણાનિવાસી ) હાલ : ભાવનગર ( દીપક સ્ટોર્સવાળા ) ઉં. વ. ૭૦ ભાવનગર મુકામે સં. ૨૦૫૧ તા. ૧૩-૧-૯૫ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા તેઓશ્રી ખુબ જ ધાર્મીક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે. તેમના આત્માને પરમ શાંતી મળે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી. **શ્રી જૈન આત્માનંદ સભા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ નિયમ-૮ પ્રમાણે
"શ્રી આત્માનંદ" પ્રકાશ સંબંધમાં નીચેની વિગતે પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિ સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર.

૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ

૩. મુદ્રકનું નામ : ભરતકુમાર છોટાલાલ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર.

૪. પ્રકાશકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા વતી, પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર.

૫. તંત્રીનું નામ : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર.

૬. સામાયિકના માલિકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર.

આથી હું પ્રમોદકાન્ત ખીમચંદ શાહ જાહેર કરૂં છું કે ઉપરની આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬-૨-૬૫ પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

## જીવનની શાંતિ.....

જેના જીવનમાં શાંતિ હોય તેને સમાધિમય મૃત્યુ મળે... સમાધિમય મૃત્યુ પરલોકમાં સદ્‌ગતિ આપે છે અને સદ્‌ગતિ થાય તેને અંતે મુક્તિ મળે....આમ છેવટની મુક્તિનું મૂળ જીવનની શાંતિમાં સમાયેલું છે! અશાંતિનું મૂળ રાગ અને દ્વેષ છે.

જડ જગત પ્રત્યેનો રાગ અને જીવ જગત પ્રત્યેનો દ્વેષ જેમ જેમ ઘટતો જાય તેમ તેમ જીવનમાં શાંતિ વધતી જશે....

For Private And Personal Use Only

## ખરી સેવા....

धर्मो महान् दुःखितदीनसेवा
सा चास्ति सेवा परमेश्वरस्य ।
सत्य च सेत्रां च सुशीलतां
च धर्मस्य सर्वस्वमवेहि धीमन् ! ।।

卐

* દીન-દુઃખીની સેવા એ મહાન્ ધર્મ છે. એમની સેવા એ પરમાત્માની સેવા છે. હે બુદ્ધિશાલિન્! ધર્મનું સર્વસ્વ સત્ય, સેવા અને સુશીલતામાં છે એ સમજી રાખ!

卐

* The service to those who are poor and distressed, is a great performance of Dharma. This service is the service to God. Oh intelligent one, know that the essence of Dharma consists in truthfulness, service and good behaviour.

પ્રતિ,

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
કે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર